# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૬૦

બાબત:-

<u>અધ્યક્ષ સ્થાનેથી..</u>

તાજેતરમાં તા.૧૮/૧૨/૨૦૧૫ના રોજ ગોધરા નગરપાલિકાના માજી સભ્ય શ્રીમતી પ્રેમીલાબેન રતીલાલ પટેલનું દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ પ્રેમીલાબેન નગરપાલિકામાં સને-૧૯૮૯ થી ૨૦૦૫ સુધી સભ્ય તરીકે ચુંટાઈને નગરપાલિકાની વિવિધ સમિતિઓના ચેરમેન અને કમીટી સભ્ય તરીકે ઉત્કૃષ્ટ સેવા બજાવેલ છે. તદ્દપરાંત તેઓ શ્રી.શ્રીદાભગીની કો.ઓ.સો.લી. ગોધરામાં સેક્રેટરી તરીકે અને ભગીની મંડળ ગોધરામાં પણ સભ્ય તરીકે લાંબા સમય સુધી સેવાઓ આપેલ છે. આ સિવાય સ્વ.પ્રેમીલાબેન કાછીયા પટેલ સમાજના મહીલા મંડળના પ્રમુખ તરીકે તેમજ સમાજ સેવા સેતુ ટ્રસ્ટના સભ્ય તરીકે પણ ઉમદા સેવા પ્રદાન કરેલ છે. આમ નગરપાલિકા સિવાય શહેરની વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા રહી સમાજ અને શહેરની પ્રગતિમાં એક ઉદાહરણરૂપ સેવાઓ બજાવેલ છે.

સદ્દગત શ્રીમતી પ્રેમીલાબેનના અવસાનથી તેમના ઘર કુટુંબ અને સમાજ માટે પુરી ન શકાય તેવી ખોટ પડેલ છે. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આ આધાત જનક દુ:ખદ ઘટના સહન કરવાની પ્રભુ શક્તિ આપે અને સ્વર્ગસ્થને તેમના ચરણોમાં સ્થાન આપી સદ્દગતિ અને શાંતિ અર્પે તેવી ઇશ્વરને પ્રાર્થના સાથે આજની આ સભામાં સદ્દગતના માનમાં બે-મીનીટ મૌન પાડી સભાનું કામકાજ ચાલુ રાખવા અમારી દરખાસ્ત છે.

સહી/-
(વિદ્યાબેન જી. હરવાણી)
પ્રમુખ
નગરપાલિકા,ગોધરા

ઠરાવ:-

તાજેતરમાં તા.૧૮/૧૨/૨૦૧૫ના રોજ ગોધરા નગરપાલિકાના માજી સભ્ય શ્રીમતી પ્રેમીલાબેન રતીલાલ પટેલનું દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ પ્રેમીલાબેન નગરપાલિકામાં સને-૧૯૮૯ થી ૨૦૦૫ સુધી સભ્ય તરીકે ચુંટાઈને નગરપાલિકાની વિવિધ સમિતિઓના ચેરમેન અને કમીટી સભ્ય તરીકે ઉત્કૃષ્ટ સેવા બજાવેલ છે. તદ્દપરાંત તેઓ શ્રી.શ્રીદાભગીની કો.ઓ.સો.લી. ગોધરામાં સેક્રેટરી તરીકે અને ભગીની મંડળ ગોધરામાં પણ સભ્ય તરીકે લાંબા સમય સુધી સેવાઓ આપેલ છે. આ સિવાય સ્વ.પ્રેમીલાબેન કાછીયા પટેલ સમાજના મહીલા મંડળના પ્રમુખ તરીકે તેમજ સમાજ સેવા સેતુ ટ્રસ્ટના સભ્ય તરીકે પણ ઉમદા સેવા પ્રદાન કરેલ છે. આમ નગરપાલિકા સિવાય શહેરની વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા રહી સમાજ અને શહેરની પ્રગતિમાં એક ઉદાહરણરૂપ સેવાઓ બજાવેલ છે.

સદ્દગત શ્રીમતી પ્રેમીલાબેનના અવસાનથી તેમના ઘર કુટુંબ અને સમાજ માટે પુરી ન શકાય તેવી ખોટ પડેલ છે. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આ આધાત જનક દુ:ખદ ઘટના સહન કરવાની પ્રભુ શક્તિ આપે અને સ્વર્ગસ્થને તેમના ચરણોમાં સ્થાન આપી સદ્દગતિ અને શાંતિ અર્પે તેવી ઇશ્વરને પ્રાર્થના સાથે આજની આ સભામાં સદ્દગતના માનમાં બે-મીનીટ મૌન પાડી સભાનું કામકાજ ચાલુ રાખવા ઠરાવવામાં આવે છે.

## તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૬૧

બાબત:

રૂલને કલમ–૭ મુજબ ગત તા.૦૯/૧૦/૨૦૧૫ અને તા.૨૩/૧૨/૨૦૧૫ની મીટીંગનું પ્રોસિંડીંગ જાણમાં લઈ મંજુર કરવા બાબત.

ઠરાવ:-

સભ્યશ્રી.મુરલીભાઈ મુલચંદાણી અને શ્રી.દીપકભાઈ સોની તરફથી પ્રોસીડીંગની નકલ મળેલ ન હોઈ અને ઠરાવ નં-૫૬ તા.૯/૧૦/૨૦૧૫ સામે વાંધો રજુ કરેલ જે બાબતે ચર્ચા વિચારણા થતાં હવેથી કાર્યવાહીની નકલ દરેક સભ્યને મોકલવાના નિર્ણય સાથે તા.૯/૧૦/૨૦૧૫ અને તા.૨૩/૧૨/૨૦૧૫ની મીટીંગની કાર્યવાહી નોધને બહાલી આપવામાં આવે છે.

## તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૬૨

બાબત:

નગરપાલિકા ગોધરાના માહે જુલાઇ-૨૦૧૫ થી સપ્ટેમ્બર-૨૦૧૫ સુધીના તેમજ ઓક્ટોબર-૧૫ થી ડીસેમ્બર-૧૫ સુધીના હિસાબો જાણમાં લઈ મંજુર કરવા બાબત.

ઠરાવ:-

નગરપાલિકા ગોધરાના માહે જુલાઇ-૨૦૧૫ થી સપ્ટેમ્બર-૨૦૧૫ સુધીના તેમજ ઓક્ટોબર-૧૫ થી ડીસેમ્બર-૧૫ સુધીના હિસાબો જાણમાં લઈ સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

## તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૬૩

બાબત:

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરના પત્ર રીસોલ્યુશન નં-MIS/11/2015/ SF-18/DH તા.૧૯/૦૯/૨૦૧૫થી જાહેર કરેલ “અમૃત સીટીઝ” યોજનામાં નગરપાલિકાનો ફાળો ભરવા અંગેનો પત્ર ધ્યાને લઈ નિર્ણય લેવા બાબત.

ઠરાવ:-

ભારત સરકારે અમૃત યોજના અમલમાં મૂકેલ છે. જેમાં શહેરી વિકાસ વિભાગના નાયબ સચિવશ્રીના તા.૧૯/૯/૨૦૧૫ના પરીપત્ર મુજબ અમૃત યોજના અંતર્ગત કેન્દ્ર સરકારના ૫૦% અને રાજ્ય સરકારના ૪૦% સહાય મળવાની છે. જેમાં નગરપાલિકા તરફે ૧૦% સહાયની રકમની વ્યવસ્થા ૧૪માં નાણાપંચની ગ્રાન્ટમાંથી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૬૪

બાબત:

સભ્યશ્રી.નિમેષ એ.શાહની અરજી બાબતે.ચોકી નં-૮ની નજીક પે એન્ડ યુઝ શૌચાલય બનાવવા બાબતે જરૂરી નિર્ણય લેવાનું કામ.

ઠરાવ:-

નિમેષભાઈ એ.શાહ તેમજ ૬-સભ્યોની તા.૧૬/૧૦/૨૦૧૫ની દરખાસ્તથી ચર્ચ અને પ્રભાનાકા સુધીના રસ્તાની આજુબાજુ ગામડાની પ્રજાના અવર-જવર વધુ પ્રમાણમાં હોઇ પો.ચોકી નં-૮ની પાછળ નાળા પાસે પે

એન્ડ યુઝ શૌચાલય બનાવવા દરખાસ્ત કરેલ જે કામે ચર્ચા વિચારણા કરતા પો.ચોકી નં-૮ની આસપાસ ઉપલબ્ધ જગ્યા માટે જરૂરી દરખાસ્ત કરવા અને પે એન્ડ યુઝ શૌચાલય બનાવવા માટે મુખ્ય અધિકારીશ્રી અને પ્રમુખશ્રીને સત્તા આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૬૫

બાબત:

રાજ્ય ચુંટણી આયોગના તા.૮/૬/૨૦૧૫ના પત્ર નંબર-રચઆ-ચટણ-સ્થા.સ્વ-૩૧૦-૬૨૦૧૫-કના અનુસંધાને નગરપાલિકાઓની કમીટીઓના ચેરમેનશ્રીઓની અઢી-વર્ષની મુદ્દત અંગેનો આવેલ પત્ર વંચાણે લેવા બાબત.

ઠરાવ:-

રાજ્ય ચુંટણી આયોગના તા.૮/૬/૨૦૧૫થી રાજ્ય સરકારનુ જાહેરનામા નં. KP 28 OF 2015/GPA-102013/893104(Part-1)G તા.૩૦/૫/૨૦૧૫થી તા.૧૦/૪/૨૦૧૫થી ગુજરાત નગરપાલિકા અધિનિયમ કલમ-૫૯(૨) માં ઉમેરો કરી નગરપાલિકાની વિવિધ સમિતીઓની મુદ્દત અઢીવર્ષની ઠરાવેલ છે. જે ઠરાવ વંચાણે લઈ જાણમાં લેવામાં આવે છે.

## તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૬૬

બાબત:

નગરપાલિકાના બીલોની ચુકવણીની પધ્ધતિ નક્કી કરવા બાબતે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક-ઈએસટી-૧૦૧૫/સીફા.૧૨-આર તા.૪/૭/૨૦૧૫ વંચાણે લેવા બાબત.

ઠરાવ:-

શહેરી વિકાસ વિભાગના તા.૪/૭/૨૦૧૫ના પત્ર વંચાણે લઈ તે મુજબ અમલવારી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૬૭

બાબત:-

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ઠરાવ નં-વસમ/૧૧૨૦૧૨/એસ.એફ-૬૧/ધ તા.૩૧/૧/૨૦૧૩થી કૈલાસધામ યોજના હેઠળ નગરપાલિકા વિસ્તારોમાં ગેસ/વિદ્યુત આધારીત અદ્યતન સ્મશાનગૃહ બનાવવા રૂ!૨૫.૦૦લાખની સહાય ફાળવેલ જે કામ ખાનગી અનુદાનથી પૂર્ણ થયેલ હોઇ સદર રકમમાંથી સ્મશાનગૃહમાં આધુનિક સુવિધાઓ ઉભી કરવા અંગે આયોજન માટે કામો નક્કી કરવા બાબત.

ઠરાવ:-

સરકારશ્રીની કૈલાસધામ યોજના હેઠળ સ્મશાન ગૃહોને અદ્યતન બનાવવા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગાંધીનગરના ઠરાવ નં-વસમ/૧૧૨૦૧૨/SF-61/ધ તા.૩૧/૦૧/૨૦૧૩થી રૂ!૨૫.૦૦ લાખ અનુદાન મળેલ છે. પરંતુ સ્મસ્ત હિંદુ સ્મશાનગૃહ ગોધરામાં ગેસ આધારીત સ્મશાન ચિતાનુ કામ ખાનગી અનુદાનથી કરવામાં આવેલ છે. જેથી સરકારશ્રી તરફથી નગરપાલિકાને મળેલ અનુદાનની રકમમાંથી નીચે મુજબના કામો નક્કી કરવામાં આવે છે.

| અ.નં | કામનું નામ | અંદાજીત ખર્ચની રકમ |
| --- | --- | --- |
| ૧ | ❖ સ્મશાનના મેઈન ગેટથી નવીન ગેસ ફરનેશ સુધીની જમીન સમતળ કરવાનુ કામ.<br>❖ સાવરબાથ વીથ ટોઈલેટ બ્લોક બનાવવાનુ કામ.<br>❖ પીવાના પાણી માટે વોટરકુલર પ્લેટફોર્મ સહીત અને પાણીની ટાંકી બનાવવાનું કામ.<br>❖ સ્મશાનના મેઈન રોડથી ગેસચીતા સુધી પેવર બ્લોક નાંખવાનુ કામ. | ૨૫.૦૦ લાખ |

ઉપર મુજબના કામો સબબ ગ્રાંટના વપરાશ અને ગોધરા નગરપાલિકા સરકારશ્રીની અંને ગુ.મ્યુનિ.ફા.બોર્ડની સુચનાઓ શરતો અને નિયમોનું પાલન કરશે તથા ગુ.મ્યુનિ.ફા.બોર્ડ તરફથી મંજુર કરવામાં આવેલ ગ્રાંટ ઉપરાંત જે કાઇ વધારાનો ખર્ચ ગોધરા નગરપાલિકાને થશે તે તમામ ખર્ચ પોતાના સ્વભંડોળમાંથી કરશે અને ઉપર જણાવેલ કામો નિયત કરેલ સમય મર્યાદામાં પુર્ણ કરશે તેમ ઠરાવવામાં આવે છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરના ઠરાવ નં-વસમ/૧૧૨૦૧૨/SF-61/ઘ તા.૩૧/૧/૨૦૧૩ અને ગુ.મ્યુનિ.ફા.બોર્ડ નાપત્ર ક્રમાંક- મફબ/યુ.૪/ કૈલાશધામ/૨૦૧૩/૮૩૨૮ તા.૨૧/૫/૨૦૧૩ના ઠરાવ અન્વયે ગ્રાંટની રકમ રૂ! ૨૫.૦૦લાખની મળવાપાત્ર રકમના કામો સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

## તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૬૮

બાબત:

યુડીપી-૭૮-૨૦૧૩-૧૪/૨૩૭/૧૪ તા.૧૮/૦૧/૨૦૧૪થી મંજુર થયેલ ગ્રાંટની બચત રકમ રૂ!૩૪.૦૦લાખ તેમજ યુડીપી-૫૬ અન્વયે મળેલ ગ્રાંટની બચત રકમ રૂ!૬.૦૦લાખ મળી કુલ રકમ રૂ!૪૦.૦૦લાખના કામો નક્કી કરવા બાબત.

ઠરાવ:-

યુડીપી-૭૮-૨૦૧૩-૧૪/૨૩૭/૧૪ તા.૧૮/૦૧/૨૦૧૪થી મંજુર થયેલ ગ્રાંટની બચત રકમ રૂ!૩૪.૦૦લાખ તેમજ યુડીપી-૫૬ અન્વયે મળેલ ગ્રાંટની બચત રકમ રૂ!૬.૦૦લાખ મળી કુલ રકમ રૂ!૪૦.૦૦લાખના કામો નક્કી કરવા મુખ્ય અધિકારીશ્રી. અને પ્રમુખશ્રીને સયુંક્તપણે સત્તા આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૬૯

બાબત:

ગોધરા નગરપાલિકાના રોજમદાર સફાઈ કામદારોની કાયમી ભરતી બાબતે નિયામકશ્રીએ મંજુર કરેલ ભરતી બઢતીના નિયમ બાબતે ગુજરાત હાઇકોર્ટમાં થયેલ-SCA/10776/15થી કેસ થયેલ છે. જે અંગે નગરપાલિકા તરફે વકીલ શ્રી.મેહુલ રાઠોડને રોકવામાં આવેલ જેની ફીના ખર્ચના રૂ!૨૦,૦૦૦/- મંજુર કરવાનુ કામ.

ઠરાવ:-

ગોધરા નગરપાલિકાના રોજમદાર સફાઈ કામદારોની કાયમી ભરતી બાબતે નિયામકશ્રીએ મંજુર કરેલ ભરતી બઢતીના નિયમ બાબતે ગુજરાત હાઇકોર્ટમાં થયેલ-SCA/10776/15થી કેસ થયેલ છે. જે અંગે

નગરપાલિકા તરફે વકીલ શ્રી.મેહુલ રાઠોડને રોકવામાં આવેલ જેની ફીના ખર્ચના રૂ!૨૦,૦૦૦/- સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

## તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૭૦

બાબત:

નગરપાલિકાના બંધવાહનો જાહેર હરાજીથી નિકાલ કરવા બાબતે સીની.સેને.ઇન્સ્પેક્ટરશ્રીના રીપોર્ટ પરત્વે મુખ્ય અધિકારીશ્રીના અભિપ્રાયવાળુ કામ.

ઠરાવ:-

ઇનચાર્જ હેડ મિકેનીક અને સીનીયર સેને.ઇન્સપેક્ટરશ્રી.ના રીપોર્ટ વંચાણે લઈ ફરીથી હરાજીની કાર્યવાહી કરવા માટે સભ્યશ્રી.મુરલીભાઈએ મૌખિક વાંધો રજુ કરેલ છે. ચર્ચા-વિચારણા કરતા બીજી વખતની હરાજીમાં અપસેટ વેલ્યુથી ઓછા ભાવ આવે તેવા કિસ્સામાં સરકારશ્રીના વાહનોના નિકાલ માટે કરેલી જોગવાઈ મુજબ અમલવારી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૭૧

બાબત:

ગુજરાત ચુંટણીપંચના પત્ર ક્રમાંક-ઈએલઆર-૧૪૧૫-૧૬૮(૨)-છ તા.૮/૯/૨૦૧૫વાળો પત્ર સામાન્ય સભામાં વંચાણે લેવા બાબત નુ કામ.

ઠરાવ:-

ગુજરાત ચુંટણીપંચના પત્ર ક્રમાંક-ઈએલઆર-૧૪૧૫-૧૬૮(૨)-છ તા.૮/૯/૨૦૧૫વાળો પત્ર સામાન્ય સભામાં વંચાણે લઈ જાણમાં લેવામાં આવે છે.

## તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૭૨

બાબત:

ગોધરા શહેરમાં પુરી પાડવામાં આવતી સ્ટ્રીટલાઇટની સુવિધા માટેના નિભાવણી ખર્ચમાં કરકસર થાય તેમજ અસરકારક સેવાઓ પુરી પાડી શકાય તે હેતુસર શહેરમાં એલ.ઈ.ડી.સ્ટ્રીટલાઇટનુ ઇન્સ્ટોલેશન કરવા અને તેની નિભાવણી માટે એજન્સી નક્કી કરવા તેમજ કન્સલટન્ટ રોકવા બાબતનું કામ

ઠરાવ:-

હાલની પરંપરાગત સ્ટ્રીટલાઇટની જગ્યાએ નવીન એલ.ઈ.ડી. લાઇટ એજન્સીના ખર્ચે નંખાવી ૧૦-વર્ષ માટે સ્ટ્રીટલાઇટ ની નિભાવણીની કામગીરી પેટે ફીક્ચર્સદીઠ નિભાવણી ખર્ચ આપવા તથા લાઇટબીલમાં થનાર બચત રકમ પૈકીની રકમ મળવાની શરતે સ્ટ્રીટલાઇટની સુવિધા પુરી પાડવા આવેલ દરખાસ્ત બાબતે સભ્યશ્રી.મુરલીધર મુલચંદાણી સહીત અન્ય ૧૭-સભ્યો એલ.ઈ.ડી.લાઇટનું કામ નગર સેવાસદન જાતે કરવાનુ સુચન કરી વાંધો રજુ કર્યો ચર્ચા-વિચારણા કરતાં હાલમાં સ્ટ્રીટલાઇટ પેટે લાઇટબીલ મટીરીયલ્સ અને પગારખર્ચની મર્યાદામાં સ્ટ્રીટલાઇટ સેવાની નિભાવણી એજન્સીને આપવા બાબતે જરૂરી કન્સલટન્ટ રોકી ઇ-ટેન્ડર પધ્ધતિથી એજન્સીની પસંદગી કરી સ્ટ્રીટલાઇટની સેવાની નિભાવણી આઉટસોર્સથી કરવા બાબતે મુખ્ય અધિકારીશ્રી અને પ્રમુખશ્રીને વધુમતે સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

## તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૭૩

બાબત:

સ્ટ્રીટલાઇટ રીપેરીંગના કામ માટે એલ્યુમિનિયમ લેડર નંગ-૧ ખરીદવા તથા વુડન સીડી નંગ-૩ વેપારી પાસેથી લાકડાના મટેરીયલ સહીતની બનાવડાવા માટે અંદાજીત રૂ!૯૪૦૦૦/- ખર્ચ મંજુર કરવા મુખ્ય અધિકારીશ્રી.ના અભિપ્રાયવાળુ કામ

ઠરાવ:-

સ્ટ્રીટલાઇટ રીપેરીંગના કામ માટે એલ્યુમિનિયમ લેડર નંગ-૧ ખરીદવા તથા વુડન સીડી નંગ-૩ વેપારી પાસેથી લાકડાના મટેરીયલ સહીતની બનાવડાવા માટે અંદાજીત રૂ!૯૪૦૦૦/- ખર્ચ સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

## તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૭૪

બાબત:

ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના પત્ર નંબર-મફબ/SJMMSVY/આગવી ઓળખ/ન.પા. /૨૦૧૬ તા.૧૩/૦૧/૨૦૧૬ અન્વયે રામસાગર તળાવના ડેવલપમેન્ટનો પ્રોજેક્ટ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના આગવી ઓળખના કામોમાં સમાવવા અંગે જરૂરી દરખાસ્ત કરવા બાબતે ઠરાવ કરવાનું કામ.

ઠરાવ:-

ગોધરા શહેરની મધ્યમાં આવેલ રામસાગર તળાવ ડેવલોપ કરવા બાબતે અંદાજીત રૂ!૬૭૦.૦૦ લાખનો પ્રોજેક્ટ વિશ્વકર્મા કન્સલટન્ટ મારફતે તૈયાર કરવામાં આવેલ છે. સદર પ્રોજેક્ટ અંતર્ગત રામસાગર તળાવના બ્યુટીફીકેશનના કામ માટે આગવી ઓળખના કામ તરીકે જરૂરી દરખાસ્ત કરવા તથા આગળની તમામ કાર્યવાહી માટે મુખ્ય અધિકારીશ્રી અને પ્રમુખશ્રીને સત્તા આપવાનુ સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૭૫

બાબત:-

ગોધરા શહેરમાં સફાઈની સેવા સ્વનિર્ભર થાય તે માટે મંજુર થયેલ ખાસ સફાઈ ઉપકરમાં રહેણાંક/વ્યવસાય તેમજ હોટલો અને હોસ્પીટલો માટે સફાઈ ઉપકરમાં સુધારો-વધારો કરવા બાબતે જરૂરી ઠરાવ થવા મુખ્ય અધિકારીશ્રીના અભિપ્રાયવાળુ કામ.

ઠરાવ:-

નિયામકશ્રી. નગરપાલિકાઓ ગાંધીનગરના તા.૦૬/૦૨/૨૦૦૭ના હુકમથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૨૭૧ હેઠળ સફાઈ ઉપકરના નિયમો મંજુર થયેલા છે. જેનાં નિયમ-૯માં નીચે મુજબનો સુધારો કરવા અને જરૂરી દરખાસ્ત કરી થયેલ સુધારો વર્ષ-૨૦૧૬-૧૭થી લાગુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

<u>હયાત નિયમ નં-૯</u>

નગરપાલિકાની હદ વિસ્તારમાં આવતા તમામ રહેણાંક તેમજ વાણીજ્ય મિલ્કતો અને તેના ભાગદીઠ માસીક રૂ!૨૦/- લેખે વાર્ષિક રૂ!૨૪૦/- પ્રમાણે ખાસ સફાઈ ઉપકર વસૂલ લેવામાં આવશે.

સુધારા નિયમ નં-૯

નગરપાલિકાની હદ વિસ્તારમાં આવતા તમામ રહેણાંક મિલ્કતોના ભાગદીઠ માસિક રૂ!૨૦/- લેખે વાર્ષિક રૂ!૨૪૦ અને બીન-રહેણાંક તમામ મિલ્કતોના ભાગદીઠ માસીક રૂ!૫૦/- લેખે વાર્ષિક રૂ!૬૦૦/- પ્રમાણે ખાસ સફાઈ ઉપકર વસૂલ લેવામાં આવશે.

## તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૭૬

બાબત:-

શહેરી ઘર વિહોણા માટે રહેવાની વ્યવસ્થા સીતાસાગર તળાવ કિનારે નગરપાલિકા,ગોધરાએ બનાવેલ હયાત રેન બસેરાના નવીનીકરણ તેમજ જીમ્નેશીયમ માટે જરૂરી સુવિધા ઉભી કરવા થનાર ખર્ચ માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા જરૂરી ઠરાવ થવા અંગે ડે.એન્જીનીયરશ્રી.ના રીપોર્ટ પરત્વે મુખ્ય અધિકારીશ્રીના અભિપ્રાયવાળુ કામ.

ઠરાવ:-

નગરપાલિકા ગોધરા દ્વારા સીતાસાગર તળાવ કિનારે હરીદયા સોસાયટીમાં બનાવેલ રેનબસેરામાં હાલમાં નગરપાલિકા સંચાલિત જીમ્નેશીયમની સુવિધા ઉભી કરેલ છે. સદર જીમ્નેશીયમ દૂર કરી. તેમાં ઘરવિહોણા લોકો માટે રહેવાની,પીવાના પાણી, લાઇટ, શૌચાલય, જેવી પ્રાથમિક સુવિધાઓ સાથે રેનબસેરાનુ નવીનીકરણ કરવા તેમજ ઉપર પ્રથમ મજલાનું બાંધકામ કરી ત્યાં જીમ્નેશીયમની જરૂરી વ્યવસ્થા ઉભી કરવા અંગે થનાર ખર્ચ માટે નગરપાલિકાને મળવાપાત્ર ગ્રાંટમાં સમાવેશ કરવા મુખ્ય અધિકારીશ્રી અને પ્રમુખશ્રીને સયુંક્ત રીતે સત્તા આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

## તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૭૭

બાબત:

રેલ્વે સ્ટેશન પાસે નગરપાલિકા,ગોધરાએ બનાવેલ શોપીંગ સેન્ટરની ૧૧-દુકાનોની અપસેટ વેલ્યુ નક્કી કરી જાહેર હરાજીથી ભાડાપટ્ટે આપવા બાબતે સરકારશ્રીની જીલ્લાકક્ષાની મૂલ્યાંકન સમિતિની જોગવાઈ અનુસાર જરૂરી ઠરાવ થવા મુખ્ય અધિકારીશ્રીના અભિપ્રાયવાળુ કામ.

ઠરાવ:-

રેલ્વે સ્ટેશન નજીક નગરપાલિકા,ગોધરાએ બનાવેલ ૧૧-દુકાનો જાહેર હરાજીથી ભાડાપટ્ટે આપવા બાબતે સભ્યશ્રી.મુરલીધર મુલચંદાણીનો વાંધો લઈ આ જગ્યાએ અગાઉ જેમની દુકાનો દુર કરવામાં આવેલ તેવા જુના દુકાનદારોને દુકાન ફાળવવા સુચન કરેલ જે બાબતે ચર્ચા-વિચારણા કરતા સદર ૧૧-દુકાનો માટે કલેક્ટરશ્રી દ્વારા જાહેર હરાજીની પારદર્શક પધ્ધતિથી દુકાનોને ભાડાપટ્ટેથી ફાળવવા નિર્ણય કરેલ હોઇ અને શહેરી વિકાસ વિભાગના તા.૬/૧/૨૦૧૫ના પરીપત્રથી નગરપાલિકાની શોપીંગ સેન્ટરની દુકાનો ભાડાપટ્ટે આપવા બાબતે.જીલ્લા કક્ષાની મૂલ્યાંકન સમિતિમાં અપસેટ વેલ્યુ નક્કી કરાવી જાહેર હરાજીથી દુકાનોને ભાડાપટ્ટે ફાળવવા વધુમતે ઠરાવવામાં આવે છે.

# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૭૮

બાબત:

નગરપાલિકાના વેરાઓની પાછલી બાકીની વસુલાત કરનાર વસુલાત ક્લાર્કને ઉત્સાહ અને પ્રોત્સાહન મળે તે હેતુસર પેનલ્ટી અને વિલંબીત ચુકવણીના વસુલ થતાં ચાર્જ પૈકીની રકમ આપવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબતે.

ઠરાવ:-

નગરપાલિકાના વેરાઓની પાછલી બાકીની વસુલાત કરનાર વસુલાત ક્લાર્કને ઉત્સાહ અને પ્રોત્સાહન મળે તે હેતુસર પેનલ્ટી અને વિલંબીત ચુકવણીના વસુલ થતાં ચાર્જ પૈકીની રકમ આપવા બાબતે ચર્ચા-વિચારણા કરતા નગરપાલિકાના જે કર્મચારી પાછલી બાકી વસુલાત માટે કડક વસુલાતના પગલાં નોટીસ,જપ્તી, અને નગરપાલિકાની સેવા બંધ કરવાના પગલાં લઈ જે વસુલાત લાવે તે પાછલી બાકી વેરાની રકમ સાથે વસુલ થઈ આવેલ પેનલ્ટી/વિલંબીત ચુકવણી ચાર્જમાંથી પાછલી બાકી વેરાના ૧/૨(%)ટકા રકમ જે તે કર્મચારીને પ્રોત્સાહનરૂપે આપવા ઠરાવ કરવામાં આવે છે.

# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૭૯

બાબત:

ગોધરા નગરપાલિકાની હદમાં સમાવેશ થયેલ પંચાયત વિસ્તારોમાં પાણીપુરવઠો,રસ્તા,ગટર, વિગેરે માળખાકીય સુવિધાઓ પુરી પાડવા જરૂરી આયોજન કરવા અને આ અંગે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા ડેપ્યુટી એન્જીનીયરશ્રીના રીપોર્ટ પરત્વે મુખ્ય અધિકારીશ્રીના અભિપ્રાયવાળુ કામ

ઠરાવ:-

શહેરી વિકાસ વિભાગના નાયબ સચિવના તા.૧૩/૦૮/૨૦૧૫ના જાહેરનામા માં જણાવેલ વાવડીબુઝર્ગ, ભામૈયા પશ્ચિમ, અને ચિખોદ્રાના સર્વે નંબરોનો સમાવેશ ગોધરા નગરપાલિકાના મ્યુનિસિપલ વિસ્તારમાં કરેલ હોઇ સદર વિસ્તારમાં પાણીપુરવઠો, રસ્તા, ગટર, વિગેરે માળખાકીય સુવિધાઓ પુરી પાડવા નીચે મુજબના કામોનુ આયોજન કરવા અને આ અંગે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

| અ.નં | કામનુ નામ | અંદાજીત રકમ (લાખમાં) |
|---|---|---|
| ૧ | નવીન ઓજી વિસ્તારમાં ૧૦લાખ લીટરની કેપેસીટીના ESR તેમજ ૧૦લાખલીટરની કેપેસીટીના સમ્પ બનાવવાનુ તેમજ ડીસ્ટ્રીબ્યુશન પાઇપલાઇન નાંખવાનુ કામ | ૩૫૦.૦૦ |
| ૨ | નવીન ઓજી વિસ્તારમાં બાકી રહી ગયેલ વિસ્તારમાં ભુગર્ભ ગટરની કામગીરી | ૨૫૦.૦૦ |
| ૩ | નવીન ઓજી વિસ્તારમાં રસ્તાના નવીનીકરણનુ કામ. | ૧૫૦.૦૦ |
| | કુલ | ૭૫૦.૦૦ |

# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૮૦

બાબત:

મુખ્યમંત્રી આવાસ સમૃધ્ધી યોજનામાં ગોધરા શહેરનો સમાવેશ થતાં સદર પ્રોજેક્ટના અમલ માટે પત્થર તલાવડી પાસેની ઝુપડપટ્ટીવાળી જમીન આવાસ યોજના માટે માંગણી અર્થે સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવા ઠરાવ થવા ડેપ્યુટી એન્જીનીયરશ્રીના રીપોર્ટ પરત્વે મુખ્ય અધિકારીશ્રીના રીપોર્ટવાળુ કામ.

ઠરાવ:-

મુખ્યમંત્રી આવાસ સમૃધ્ધિ યોજનામાં ગોધરા શહેરનો સમાવેશ થતાં સદર પ્રોજેક્ટના અમલ માટે પત્થર તલાવડી પાસેની ઝુપડપટ્ટીવાળી જમીન આવાસ યોજના માટે માંગણી અર્થે સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવા માટે ઓફીસ રીપોર્ટ વંચાણે લઈ ચર્ચા-વિચારણા કરતાં પત્થર તલાવડી પાસે ઘણાં કુટુંબો કાચા ઝુંપડા બાંધી રહે છે. સદર જમીન સર્વે નં-૧૮૭/૧, તથા ૧૮૮ વાળી જમીન પોલીસ ખાતાને ફાળવેલ હોય પોલીસ વિભાગના અધિકારીઓ દ્વારા ભુતકાળમાં સદર વિસ્તારમાં પે-એન્ડ યુઝ શૌચાલયનુ કામ બંધ કરાવેલ તેમજ હાલમાં વ્યક્તિગત શૌચાલય બનાવવા બાબતે પણ પોલીસ વિભાગ તરફથી વાંધો લેતાં વ્યક્તિગત શૌચાલયની કામગીરી થઈ શકેલ નથી. જેથી સદર જમીનમાં રહેતા ઝુપડાવાસીઓને આવાસ અને પાણી પુરવઠા અને ગટર તેમજ સ્ટ્રીટલાઇટ વિગેરે સેવા મળી રહે તે માટે સદર જમીન સર્વે નં-૧૮૭/૧, તથા ૧૮૮ વાળી જમીન આવાસના હેતુ માટે ગોધરા નગરપાલિકાને ફાળવવા બાબતે જરૂરી દરખાસ્ત કરવાની અને સદર જગ્યાએ આવાસ બનાવવાના કામે મુખ્ય અધિકારીશ્રી અને પ્રમુખશ્રીને સયુંક્તરીતે સત્તા આપવાનુ સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૮૧

**બાબત:-**

રૂલની કલમ-૭૭ તથા ૭૯(૨) મુજબ એક્ઝિક્યુટીવ કમિટીની રચના અને આ કમિટીના ચેરમેન નિમવા તેમજ આ કમિટીને ફરજો બજાવવાના અધિકાર આપવા બાબતનુ કામ.

દરખાસ્ત:- તા.૨૭/૦૧/૨૦૧૬

પ્રતિ,

પ્રમુખશ્રી.

નગરપાલિકા,ગોધરા

સવિનય સહ જણાવવાનું કે આજની બોર્ડના એજન્ડાના કામ નં-૨૧માં રૂલની કલમ-૭૭/ ૭૯(૨) મુજબ એક્ઝિક્યુટીવ કમિટીની નીચે મુજબના સભ્યોની કમીટી અને ચેરમેન ચુંટવા મારી દરખાસ્ત છે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી.નિમેષકુમાર અમરતલાલ શાહ | ચેરમેન |
| ૨ | શ્રી.ગંગારામ જેઠાનંદ હરવાણી | સભ્ય |
| ૩ | શ્રી.નિમ્મિ નિરજકુમાર પરીખ | સભ્ય |
| ૪ | શ્રી.મોહમંદ હનીફ એહમદસઈદ કલંદર | સભ્ય |
| ૫ | શ્રી.અશરફ હુસેન ચાંદા | સભ્ય |
| ૬ | શ્રી.મો.અકરમ અ.રહીમ પટેલ | સભ્ય |
| ૭ | શ્રી.યાકુબ અ.સલામ બક્કર | સભ્ય |

દરખાસ્ત કરનાર:- ગંગારામ જે હરવાણી

ટેકો આપનાર:- મો.અકરમ અ.રહીમ પટેલ

ઠરાવ:-

દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૮૨

**બાબત:-**

રૂલની કલમ-૭૭ તથા ૭૯(૨) મુજબ સફાઇ આરોગ્ય કમિટીની રચના અને આ કમિટીના ચેરમેન નિમવા તેમજ આ કમિટીને ફરજો બજાવવાના અધિકાર આપવા બાબતનુ કામ.

દરખાસ્ત:-

પ્રતિ,

પ્રમુખશ્રી.

નગરપાલિકા,ગોધરા

સવિનય સહ જણાવવાનું કે આજની બોર્ડના એજન્ડાના કામ નં-૨૨માં રૂલની કલમ-૭૭/ ૭૯(૨) મુજબ સફાઈ અને આરોગ્ય કમિટીની નીચે મુજબના સભ્યોની કમીટી અને ચેરમેન ચુંટવા મારી દરખાસ્ત છે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી.ઇદરીશ ઈસ્માઇલ દરગાઈ | ચેરમેન |
| ૨ | શ્રી.સાજીદ સિકંદર કલા | સભ્ય |
| ૩ | શ્રી.ઇલ્યાસ ખાલીદ ચાંદા | સભ્ય |
| ૪ | સુશ્રી.ફાતેમા ઉનેદ પાઘડીવાલા | સભ્ય |
| ૫ | સુશ્રી.નસીમબાનુ હબીબખાન પઠાણ | સભ્ય |
| ૬ | સુશ્રી.હીના પરવીન આલમગીર અન્સારી | સભ્ય |
| ૭ | સુશ્રી.નાઝનીન અસ્લમ કાલુ. | સભ્ય |

દરખાસ્ત કરનાર: ગંગારામ જે હરવાણી

ટેકો આપનાર: નિમેષકુમાર એ શાહ.

ઠરાવ:-

દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૮૩

**બાબત:-**

રૂલની કલમ-૭૭ તથા ૭૯(૨) મુજબ જાહેર બાંધકામ કમિટીની રચના અને આ કમિટીના ચેરમેન નિમવા તેમજ આ કમિટીને ફરજો બજાવવાના અધિકાર આપવા બાબતનુ કામ.

દરખાસ્ત:- તા.૨૭/૦૧/૨૦૧૬

પ્રતિ,

પ્રમુખશ્રી.

નગરપાલિકા,ગોધરા

સવિનય સહ જણાવવાનું કે આજની બોર્ડના એજન્ડાના કામ નં-૨૪માં રૂલની કલમ-૭૭/૭૯(૨) મુજબ જાહેર બાંધકામ કમિટીની નીચે મુજબના સભ્યોની કમીટી અને ચેરમેન ચુંટવા મારી દરખાસ્ત છે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી.સિદ્દીક મોંહમદ ઇસ્માઇલ દાંત | ચેરમેન |
| ૨ | શ્રી.મોહંમદ હનીફ એહમદ સઈદ કલંદર | સભ્ય |
| ૩ | શ્રી.શોયેબ અયુબ ભીમલા | સભ્ય |
| ૪ | શ્રી.નિમ્મિ નિરજકુમાર પરીખ | સભ્ય |
| ૫ | શ્રી.સાબેરા હાજી અબ્બાસ ગરીબા | સભ્ય |
| ૬ | શ્રી.ઝુલેખા હુસેન રહેમત | સભ્ય |
| ૭ | શ્રી.નસીમબાનુ હબીબખાન પઠાણ | સભ્ય |

દરખાસ્ત કરનાર: મો.અકરમ અ.રહીમ પટેલ

ટેકો આપનાર: નિમેષકુમાર એ શાહ.

ઠરાવ:-

દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૮૪

બાબત:-

રૂલની કલમ-૭૭ તથા ૭૯(૨) મુજબ દિવાબત્તી કમિટીની રચના અને આ કમિટીના ચેરમેન નિમવા તેમજ આ કમિટીને ફરજો બજાવવાના અધિકાર આપવા બાબતનુ કામ.

દરખાસ્ત:- તા.૨૭/૦૧/૨૦૧૬

પ્રતિ,

પ્રમુખશ્રી.

નગરપાલિકા,ગોધરા

સવિનય સહ જણાવવાનું કે આજની બોર્ડના એજન્ડાના કામ નં-૨૪માં રૂલની કલમ-૭૭/ ૭૯(૨) મુજબ દીવાબત્તી કમિટીની નીચે મુજબના સભ્યોની કમીટી અને ચેરમેન ચુંટવા મારી દરખાસ્ત છે.

| | | |
|---|---|---|
| ૧ | સુશ્રી.ફાતેમા ઉનેદપાઘડીવાલા | ચેરમેન |
| ૨ | સુશ્રી.ખદીજા અહેમદ પાડા | સભ્ય |
| ૩ | સુશ્રી.ખુશબુ મો.કામરાન છકડા | સભ્ય |
| ૪ | સુશ્રી.નાઝનીન અસલમ કાલુ | સભ્ય |
| ૫ | સુશ્રી.નિમ્મિ નિરજકુમાર પરીખ | સભ્ય |
| ૬ | સુશ્રી.મહેકુઝા ઉમરફારૂક બદામ | સભ્ય |
| ૭ | સુશ્રી.હીના પરવીન આલમગીર અન્સારી | સભ્ય |

દરખાસ્ત કરનાર: યાકુબ અ.સલામ બક્કર

ટેકો આપનાર:સાજીદ સિકંદર કલા

ઠરાવ:-

દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૮૫

**બાબત:-**

રૂલની કલમ-૭૭ તથા ૭૯(૨) મુજબ મહેસુલ કરવેરા કમિટીની રચના અને આ કમિટીના ચેરમેન નિમવા તેમજ આ કમિટીને ફરજો બજાવવાના અધિકાર આપવા બાબતનુ કામ.

દરખાસ્ત:-

પ્રતિ,

પ્રમુખશ્રી.

નગરપાલિકા,ગોધરા

સવિનય સહ જણાવવાનું કે આજની બોર્ડના એજન્ડાના કામ નં-૨૫માં રૂલની કલમ-૭૭/૭૯(૨) મુજબ મહેસુલ કરવેરા કમિટીની નીચે મુજબના સભ્યોની કમીટી અને ચેરમેન ચુંટવા મારી દરખાસ્ત છે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી.અશરફ હુસેન ચાંદા | ચેરમેન |
| ૨ | શ્રી.ઇલ્યાસ ખાલીદ ચાંદા | સભ્ય |
| ૩ | શ્રી.શોએબ ઐયુબ ભીમલા | સભ્ય |
| ૪ | સુશ્રી.ઝુલેખા હુસેન રહેમત | સભ્ય |
| ૫ | સુશ્રી.મહેફુઝા ઉમરફારૂક બદામ | સભ્ય |

દરખાસ્ત કરનાર: યાકુબ અ.સલામ બક્કર

ટેકો આપનાર: સાજીદ સિકંદર કલા

ઠરાવ:-

દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૮૬

**બાબત:-**

રૂલની કલમ-૭૭ તથા ૭૯(૨) મુજબ પાણી બાંધકામ અને ગટર કમિટીની રચના અને આ કમિટીના ચેરમેન નિમવા તેમજ આ કમિટીને ફરજો બજાવવાના અધિકાર આપવા બાબતનુ કામ.

દરખાસ્ત:-

પ્રતિ,

પ્રમુખશ્રી.

નગરપાલિકા,ગોધરા

સવિનય સહ જણાવવાનું કે આજની બોર્ડના એજન્ડાના કામ નં-૨૬માં રૂલની કલમ-૭૭/ ૭૯(૨) મુજબ પાણી બાંધકામ અને ગટર કમિટીની નીચે મુજબના સભ્યોની કમીટી અને ચેરમેન ચુંટવા મારી દરખાસ્ત છે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી.સંજય ચપંકલાલ સોની | ચેરમેન |
| ૨ | શ્રી.ગંગારામ જેઠાનંદ હરવાણી | સભ્ય |
| ૩ | શ્રી.સાજીદ સિકંદર કલા | સભ્ય |
| ૪ | શ્રી.મો.અકરમ અ.રહીમ પટેલ | સભ્ય |
| ૫ | શ્રી.યાકુબ અ.સલામ બક્કર | સભ્ય |

દરખાસ્ત કરનાર: નિમેષકુમાર એ શાહ

ટેકો આપનાર: મો.અકરમ અ.રહીમ પટેલ

ઠરાવ:-

દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૮૭

**બાબત:-**

રૂલની કલમ-૭૭ તથા ૭૯(૨) મુજબ મોટર વ્હિકલ કમિટીની રચના અને આ કમિટીના ચેરમેન નિમવા તેમજ આ કમિટીને ફરજો બજાવવાના અધિકાર આપવા બાબતનુ કામ.

દરખાસ્ત:- તા.૨૭/૦૧/૨૦૧૬

પ્રતિ,

પ્રમુખશ્રી.

નગરપાલિકા,ગોધરા

સવિનય સહ જણાવવાનું કે આજની બોર્ડના એજન્ડાના કામ નં-૨૭માં રૂલની કલમ-૭૭/૭૯(૨) મુજબ મોટર વ્હિકલ કમિટીની નીચે મુજબના સભ્યોની કમીટી અને ચેરમેન ચુંટવા મારી દરખાસ્ત છે.

| | | |
|---|---|---|
| ૧ | સુશ્રી.ખુશબુ મો.કામરાન છકડા | ચેરમેન |
| ૨ | શ્રી.મો.હનીદ અહેમદ સઈદ કલંદર | સભ્ય |
| ૩ | સુશ્રી.નાઝનીન અસ્લમ કાલું | સભ્ય |
| ૪ | સુશ્રી.સાબેરા હાજી અબ્બાસ ગરીબા | સભ્ય |
| ૫ | શ્રી.ઇલ્યાસ ખાલીદ ચાંદા | સભ્ય |
| ૬ | શ્રી.શોએબ ઐયુબ ભીમલા | સભ્ય |
| ૭ | સુશ્રી.ખદીજા અહેમદ પાડા | સભ્ય |

દરખાસ્ત કરનાર: યાકુબ અ.સલામ બક્કર
ટેકો આપનાર: સાજીદ સિકંદર કલા

ઠરાવ:-

દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૮૮

**બાબત:-**

રૂલની કલમ-૭૭ તથા ૭૯(૨) મુજબ કાયદો અને સામાન્ય બાબત સલાહકાર કમિટીની રચના અને આ કમિટીના ચેરમેન નિમવા તેમજ આ કમિટીને ફરજો બજાવવાના અધિકાર આપવા બાબતનુ કામ.

દરખાસ્ત:- તા.૨૭/૦૧/૨૦૧૬

પ્રતિ,

પ્રમુખશ્રી.

નગરપાલિકા,ગોધરા

સવિનય સહ જણાવવાનું કે આજની બોર્ડના એજન્ડાના કામ નં-૨૮માં રૂલની કલમ-૭૭/૭૯(૨) મુજબ કાયદો અને સામાન્ય બાબત સલાહકાર કમિટીની નીચે મુજબના સભ્યોની કમીટી અને ચેરમેન ચુંટવા મારી દરખાસ્ત છે.

| | | |
|---|---|---|
| ૧ | સુશ્રી.નસીમબાનુ હબીબખાન પઠાણ | ચેરમેન |
| ૨ | સુશ્રી.હીના પરવીન આલમગીર અન્સારી | સભ્ય |
| ૩ | સુશ્રી.ફાતેમા ઉમેદ પાઘડીવાલા | સભ્ય |
| ૪ | સુશ્રી.નિમ્મિ નિરજકુમાર પરીખ | સભ્ય |
| ૫ | સુશ્રી.ઝુલેખા હુસેન રહેમત | સભ્ય |
| ૬ | સુશ્રી.મહેફુઝા ઉમરફારૂક બદામ | સભ્ય |
| ૭ | શ્રી.શોયેબ ઐયુબ ભીમલા | સભ્ય |

દરખાસ્ત કરનાર: મો.અકરમ અ.રહીમ પટેલ
ટેકો આપનાર: નિમેષકુમાર એ.શાહ

ઠરાવ:-

દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૮૯

**બાબત:-**

રૂલની કલમ-૭૭ તથા ૭૯(૨) મુજબ ગુજરાત ટાઉન અને ડેવલપ કમિટીની રચના અને આ કમિટીના ચેરમેન નિમવા તેમજ આ કમિટીને ફરજો બજાવવાના અધિકાર આપવા બાબતનુ કામ.

દરખાસ્ત:- તા.૨૭/૦૧/૨૦૧૬

પ્રતિ,

પ્રમુખશ્રી.

નગરપાલિકા,ગોધરા

સવિનય સહ જણાવવાનું કે આજની બોર્ડના એજન્ડાના કામ નં-૨૯માં રૂલની કલમ-૭૭/૭૯(૨) મુજબ ગુજરાત ટાઉન એન્ડ ડેવલપમેન્ટ કમિટીની નીચે મુજબના સભ્યોની કમીટી અને ચેરમેન ચુંટવા મારી દરખાસ્ત છે.

| | | |
|---|---|---|
| ૧ | સુશ્રી.હસીના એહેઝાસ અહેમદ શેખ | ચેરમેન |
| ૨ | શ્રી.ગંગારામ જેઠાનંદ હરવાણી | સભ્ય |
| ૩ | શ્રી.મો.અકરમ અ.રહીમ પટેલ | સભ્ય |
| ૪ | શ્રી.યાકુબ અ.સલામ બક્કર | સભ્ય |

દરખાસ્ત કરનાર: નિમેષકુમાર એ.શાહ
ટેકો આપનાર: યાકુબ અ.સલામ બક્કર

ઠરાવ:-

દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૯૦

**બાબત:-**

રૂલની કલમ-૭૭ તથા ૭૯(૨) મુજબ પ્લાનીંગ કમિટીની રચના અને આ કમિટીના ચેરમેન નિમવા તેમજ આ કમિટીને ફરજો બજાવવાના અધિકાર આપવા બાબતનુ કામ.

દરખાસ્ત:- તા.૨૭/૦૧/૨૦૧૬

પ્રતિ,

પ્રમુખશ્રી.

નગરપાલિકા,ગોધરા

સવિનય સહ જણાવવાનું કે આજની બોર્ડના એજન્ડાના કામ નં-૩૦માં રૂલની કલમ-૭૭/ ૭૯(૨) મુજબ પ્લાનીંગ કમિટીની નીચે મુજબના સભ્યોની કમીટી અને ચેરમેન ચુંટવા મારી દરખાસ્ત છે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી.સિદ્દીક મોહઁમદ સાહેબખાં | ચેરમેન |
| ૨ | શ્રી.ગંગારામ જેઠાનંદ હરવાણી | સભ્ય |
| ૩ | શ્રી.સાજીદ સિકંદર કલા | સભ્ય |
| ૪ | શ્રી.મો.અકરમ અ.રહીમ પટેલ | સભ્ય |

દરખાસ્ત કરનાર: મો.અકરમ અ.રહીમ પટેલ
ટેકો આપનાર: સાજીદ સિકંદર કલા

ઠરાવ:-

દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૯૧

બાબત:-

રૂલની કલમ-૭૭ તથા ૭૯(૨) મુજબ બગીચા વિકાસ સલાહકાર કમિટીની રચના અને આ કમિટીના ચેરમેન નિમવા તેમજ આ કમિટીને ફરજો બજાવવાના અધિકાર આપવા બાબતનુ કામ.

દરખાસ્ત:- તા.૨૭/૦૧/૨૦૧૬

પ્રતિ,

પ્રમુખશ્રી.

નગરપાલિકા,ગોધરા

સવિનય સહ જણાવવાનું કે આજની બોર્ડના એજન્ડાના કામ નં-૩૧માં રૂલની કલમ-૭૭/૭૯(૨) મુજબ બગીચા વિકાસ સલાહકાર કમિટીની નીચે મુજબના સભ્યોની કમીટી અને ચેરમેન ચુંટવા મારી દરખાસ્ત છે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી.ઇલ્યાસ ખાલીદ ચાંદા | ચેરમેન |
| ૨ | શ્રી.મો.હનીફ અહેમદ સઈદ કલંદર | સભ્ય |
| ૩ | શ્રી.શોએબ ઐયુબ ભીમલા | સભ્ય |
| ૪ | શ્રી.સિદ્દીક મોહંમદ ઇસ્માઇલ દાંત | સભ્ય |
| ૫ | સુશ્રી.ફાતેમા ઉનેદ પાઘડીવાલા | સભ્ય |
| ૬ | સુશ્રી.સાબેરા હાજી અબ્બાસ ગરીબા | સભ્ય |
| ૭ | સુશ્રી.હીના પરવીન આલમગીર અન્સારી | સભ્ય |

દરખાસ્ત કરનાર:મો.અકરમ અ.રહીમ પટેલ

ટેકો આપનાર: યાકુબ અ.સલામ બક્કર

ઠરાવ:-

દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૯૨

**બાબત:-**

રૂલની કલમ-૭૭ તથા ૭૯(૨) મુજબ મેલેરીયા સ્કીમ સલાહકાર કમિટીની રચના અને આ કમિટીના ચેરમેન નિમવા તેમજ આ કમિટીને ફરજો બજાવવાના અધિકાર આપવા બાબતનુ કામ.

દરખાસ્ત:- તા.૨૭/૦૧/૨૦૧૬

પ્રતિ,

પ્રમુખશ્રી.

નગરપાલિકા,ગોધરા

સવિનય સહ જણાવવાનું કે આજની બોર્ડના એજન્ડાના કામ નં-૩૨માં રૂલની કલમ-૭૭/૭૯(૨) મુજબ મેલેરીયા સ્કીમ સલાહકાર કમિટીની નીચે મુજબના સભ્યોની કમીટી અને ચેરમેન ચુંટવા મારી દરખાસ્ત છે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી.શોએબ ઐયુબ ભીમલા | ચેરમેન |
| ૨ | સુશ્રી.નસીમબાનુ હબીબખાન પઠાણ | સભ્ય |
| ૩ | સુશ્રી.ખદીજા અહેમદ પાડા | સભ્ય |
| ૪ | સુશ્રી.ઝુલેખા હુસેન રહેમત | સભ્ય |
| ૫ | સુશ્રી.નાઝનીન અસલમ કાલુ | સભ્ય |

દરખાસ્ત કરનાર: મો.હનીદ એ.સઈદ કલંદર

ટેકો આપનાર: ઇદરીશ આઇ. દરગાઈ

ઠરાવ:-

દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૯૩

**બાબત:-**

રૂલની કલમ-૭૭ તથા ૭૯(૨) મુજબ સાંસ્કૃતિક કાર્યક્રમ સલાહકાર કમિટીની રચના અને આ કમિટીના ચેરમેન નિમવા તેમજ આ કમિટીને ફરજો બજાવવાના અધિકાર આપવા બાબતનુ કામ.

દરખાસ્ત:- તા.૨૭/૦૧/૨૦૧૬

પ્રતિ,

પ્રમુખશ્રી.

નગરપાલિકા,ગોધરા

સવિનય સહ જણાવવાનું કે આજની બોર્ડના એજન્ડાના કામ નં-૩૩માં રૂલની કલમ-૭૭/ ૭૯(૨) મુજબ સાંસ્કૃતિક કાર્યક્રમ સલાહકાર કમિટીની નીચે મુજબના સભ્યોની કમીટી અને ચેરમેન ચુંટવા મારી દરખાસ્ત છે.

| | | |
|---|---|---|
| ૧ | સુશ્રી.હીના પરવીન આલમગીર અન્સારી | ચેરમેન |
| ૨ | સુશ્રી.સાબેરાહાજી અબ્બાસ ગરીબા | સભ્ય |
| ૩ | સુશ્રી.મહેફુઝા ઉમરફારૂક બદામ | સભ્ય |
| ૪ | સુશ્રી.નિમ્મિ નિરજકુમાર પરીખ | સભ્ય |
| ૫ | સુશ્રી.ખુશબુ મો.કામરાન છકડા | સભ્ય |

દરખાસ્ત કરનાર: મો.હનીદ એ.સઈદ કલંદર

ટેકો આપનાર: ઇદરીશ આઇ. દરગાઈ

ઠરાવ:-

દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

# તા.૨૭-૦૧-૨૦૧૬ નો ઠરાવ નં-૯૪

બાબત:

ગોધરા નગરપાલિકાના પ્રમુખ ઉપ-પ્રમુખની ચુંટણી બાબતે તા.૧૫/૧૨/૨૦૧૫ની મળેલ મીટીંગમાં સભ્યશ્રીઓના અસભ્ય વર્તન બાબતે પ્રાંત અધિકારીશ્રી ગોધરાના પત્ર નંબર- નપલ/ ચુંટણી/વશી/૩૦૧૯ થી ૩૦૨૦-૧૫ તા.૧૫/૧૨/૨૦૧૫ અંગે જરૂરી નિર્ણય કરવાનુ કામ.

ઠરાવ:-

ગોધરા નગરપાલિકાના પ્રમુખ ઉપ-પ્રમુખની ચુંટણી બાબતે તા.૧૫/૧૨/૨૦૧૫ની મળેલ મીટીંગમાં સભ્યશ્રીઓના અસભ્ય વર્તન બાબતે પ્રાંત અધિકારીશ્રી ગોધરાના પત્ર નંબર- નપલ/ ચુંટણી/વશી/૩૦૧૯ થી ૩૦૨૦-૧૫ તા.૧૫/૧૨/૨૦૧૫ વંચાણે લીધો અને સભ્યશ્રી.દીપકભાઈ સોની તથા અન્ય ૧૭-સભ્યોએ આ કામનો લેખિત વાંધો રજુ કરેલ છે. અને દીપકભાઈ સોની, તેમજ અન્ય ૪-સભ્યોએ લેખીત પત્રથી સદર કામ કાયદાકીય પ્રશ્ન હોઈ વાંધો રજુ કરેલ અને કોઇપણ નિર્ણય ન લેવા સુચન કરેલ સદર બાબતે ચર્ચા-વિચારણા કરતા તા.૧૫/૧૨/૨૦૧૫ની સભામાં તે સભાના અધ્યાસી અધિકારી અને નાયબ કલેક્ટર,ગોધરા પ્રાંત દ્વારા ભારતીય જનતા પક્ષના ચુંટાયેલા સભ્યો તરફથી ધાંધલધમાલ અને સુત્રોચાર ચાલુ રાખી અધ્યક્ષના બેઠક વ્યવસ્થાના સ્ટેજ પર ચઢી ચુટણી પ્રક્રિયા હાથ ન ધરી શકાય તેવુ અસભ્ય વર્તન બાબતે પોલીસ ફરીયાદ કરવા જાણ કરેલ જે બાબતે ગોધરા નગરપાલિકાના મંજુર થયેલ નિયમ-૧૩૦ મુજબ નગરપાલિકાની મંજુરી સિવાય કોઇ ફરીયાદ આપી શકાતી ન હોઈ સદર પ્રકરણ બાબતે ભારતીય જનતા પક્ષના ચુટાયેલાં સભ્યો તરફથી ધાંધલધમાલ અને સુત્રોચાર ચાલુ રાખી અધ્યક્ષના બેઠક વ્યવસ્થાના સ્ટેજ પર ચઢી ચુંટણી પ્રક્રિયા હાથ ન ધરી શકાય તેવુ અસભ્ય વર્તન બાબતે તત્કાલિન અધ્યાસી અધિકારી એવા પ્રાંતઅધિકારીએ સ્પષ્ટ અભિપ્રાય આપેલ હોય તેમના અભિપ્રાય ગ્રાહ્ય રાખી તા.૧૫/૧૨/૨૦૧૫ના રોજ પ્રમુખ/ઉપ-પ્રમુખની ચુંટણી બાબતની વીડીયોગ્રાફીની સી.ડી.સાથે દરખાસ્ત કરવા અને નિયામકશ્રી નગરપાલિકાઓને કુલ-૧૮ સભ્યો ((૧).મુરલીધર રોચીરામ મુલચંદાણી, (૨).સુનિલકુમાર ખેમચંદ લાલવાણી (૩).ચેતનકુમાર લક્ષ્મણદાસ સામનાણી, (૪).જયેશકુમાર બાબુભાઈ ચૌહાણ, (૫).દિપકકુમાર નગીનદાસ સોની, (૬).રાજેશભાઈ મંગળભાઈ ચૌહાણ, (૭).ઇલેન્દ્રકુમાર પુનમચંદ પંચાલ, (૮).વર્ષાબેન નિલેશભાઈ ઠાકર, (૯)રણજીતાબેન લક્ષ્મણભાઈ મકવાણા, (૧૦).સંતોષભાઈ પ્રતાપસિંહ ભુરીયા, (૧૧)કમલેશકુમાર અંબાલાલ પટેલ, (૧૨).હંસાબેન પ્રેમેન્દ્રકુમાર વાઘેલા, (૧૩).સવિતાબેન ચંદુભાઈ બુજ, (૧૪).ઉષ્માબેન ભરતકુમાર પટેલ, (૧૫).ભારતીબેન સતિષકુમાર પટેલ, (૧૬).સંગીતાબેન મિથુનભાઈ રાણા, (૧૭).અમિષાબેન ચિરાગભાઈ શાહ, (૧૮).ગૌરીબેન અશોકચંદ્ર જોષી.) સામે તા.૧૫/૧૨/૨૦૧૫ના રોજ સરદારનગર ખંડમાં યોજાયેલ પ્રમુખ/ઉપ-પ્રમુખની ચુટણીની મીટીંગમાં ધાંધલધમાલ કરવા સુત્રોચાર કરી સ્ટેજ પર ચઢી અધ્યક્ષની બેઠક વ્યવસ્થાનુ ટેબલ પાડી સભ્યને છાજે નહી એવુ અસભ્ય વર્તન બદલ નગરપાલિકા અધિનિયમની કલમ-૩૭ અન્વયે ગેરલાયક ઠરાવવા નગરપાલિકા નિયામકશ્રી,ગાંધીનગરને ભલામણ કરવાનુ વધુમતે ઠરાવવામાં આવે છે.

સહી/-
પ્રમુખ
નગરપાલિકા,ગોધરા

ખરીનકલ

મુખ્ય અધિકારી
નગરપાલિકા,ગોધરા